# સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ગ્રામ્ય વિસ્તાર બી.એડ. કોલેજ સંકૂલ

## સેમેસ્ટર :૧ વર્ષ : ૨૦૧૭

## UE O1 CBD 201 - Reading and Eflecting on Text

## (EPC-1) પાઠ્ય વાંચન અને ચિંતન

તા. ૨૪/૦૯/૨૦૧૭ સમય : ૧.૩૦ કલાક
રવિવાર કુલ ગુણ : ૩૫

---

**પ્રશ્ન-1** નીચેના પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. (08)

1. દષ્ટિ ધ્વનિ ફલક એટલે શું ?
2. સર્જનાત્મક વાંચન માટે જરૂરી બે અપેક્ષિત કૌશલ્યો જણાવો.
3. બોધાત્મક વિચારણાનો અર્થ આપો.
4. સમસ્યા ઉકેલ માટેનું વાંચન એટલે શું ?
5. વાંચનનો અર્થ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-2** નીચેના પૈકી ગમે તે બે પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. (10)

1. નીચેના આપેલા ફકરા પરથી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

શિક્ષકનું કાર્ય ફક્ત માહિતી કે જ્ઞાન પસાર કરવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેનું કાર્ય જ્ઞાનના કોઈ એક વિધાનને, કોઈ એક ચોક્કસ સંદર્ભમાં પ્રશ્નરૂપે કરવાનું છે. અને પ્રશ્નોને યથાર્થ દર્શનના સંદર્ભમાં મૂકવાના છે. જેથી શીખનાર તેના ઉકેલોને વિશાળ ક્ષેત્રોના પ્રશ્નો સાથે જોડી શકે. શિક્ષક-વિદ્યાર્થી સંબધનો એ જ મુખ્ય હેતુ છે. વિદ્યાર્થીના સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસનો અહીં પણ મુખ્ય ભાર આત્મનિર્ભરતા પર મૂકવાનો છે આથી જ શિક્ષકમાં જે સત્તાનું આરોપણ કરવામાં આવ્યું છે, તે વિરોધીભાસી છે. અહીં એમણે પોતાની સત્તાના જોરે કશું કરવાનું નથી. પરંતુ જ્ઞાનની જે સત્તા રહેલી છે તેનો સ્વીકાર કરીને જ કામ કરવાનું છે. આ કાર્ય કરતાં શક્ય છે કે શિક્ષકની આકૃતિ એક સત્તા તરીકે ઉપસી આવે. પરંતુ મુખ્યત્વે તો તે વિદ્યાર્થી જગત બાબતમાં પૂછેલા પ્રશ્નોના સ્ત્રોત તરીકે ઉપસવી જોઈએ. અને શીખવાની પ્રક્રિયાની સંપૂર્ણ સફળતા માટેની પૂર્વશરત રૂપ ચાવી તરીકે રહેવું જોઈએ. વધુમાં આધુનિક સમાજોમાં એ જરૂરિયાત વધતી જાય છે કે શિક્ષણે વ્યક્તિને નિર્ણય લેવામાં અને વ્યક્તિગત જવાબદારીની અનુભૂતિ કરવામાં સહાયક બનવાનું છે. જેથી વિદ્યાર્થીમાં આવનારા પરિવર્તનને અગાઉથી ઓળખવાની અને તે પ્રમાણે વર્તવાની શક્તિ વિકસે. બીજા શબ્દોમાં કહીએ તો તેનું શિક્ષણ જીવનભર ચાલતું રહે. આથી શિક્ષકના માર્ગદર્શન નીચે કાર્ય કરીને અને તેની સાથે સંવાદ કરીને જ વિદ્યાર્થી શિક્ષકની મદદથી પોતાની આ વિવેચનાત્મક શક્તિ વિકસાવી શકે. શિક્ષકની સહુથી મોટી તાકાત તે પોતે જે દૃષ્ટાંત પૂરું પાડે તેમાં સમાયેલી છે. જીજ્ઞાસા, મનું ખુલ્લાપણું, ધારણાઓને કસોટીએ ચડાવવાની તૈયારી, ભૂલોનો સ્વીકાર અને શિક્ષણ માટેના પ્રેમનો વિસ્તાર આ બધામાં શિક્ષકની તાકાત રહેલી છે. આયોગ એમ માને છે કે શિક્ષકોના શિક્ષણની પુનઃવિચારણા જરૂરી બની ગઈ છે.

1. શિક્ષકનું કાર્ય શાના પૂરતું મર્યાદિત નથી?
2. શિક્ષકનું સાચું કાર્ય શું છે ?

(P.T.O.)